Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-3, December-2021

# વડોદરા રાજ્ય પ્રજામંડળ અને મહેસાણા જિલ્લો

**પ્રજાપતિ વિપુલકુમાર જગજીવનભાઈ**

(પીએચ.ડી. રીસર્ચ સ્કોલર) ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

માર્ગદર્શક- ડૉ.કનૈયાલાલ નાયક, **vipul.j.prajapati.umta@gmail.com**

**૧. ઉદ્ભવ અને વિકાસ:-**

બ્રિટિશ સામ્રાજ્ય જ્યારે તેની સત્તાના સુવર્ણકાળે હતું ત્યારે ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સરકાર સામેની લડતનો બુનીયાદી અનુભવ લઈને ભારત પાછા આવ્યા. આ સમય દરમિયાન દેશી રાજ્યોની પ્રજામાં જાગૃતિ આવવા લાગી હતી. ખાસ કરીને વડોદરા જેવા પ્રગતિશીલ રાજ્યની પ્રજા વિશેષ જાગૃત થઈ હતી. આથી વડોદરા રાજ્યમાં પણ રાષ્ટ્રીયતાની ઝુંબેશ શરૂ કરવાનો વિચાર કેટલાક કાર્યકર્તાઓ કરી રહ્યા હતા. આ વિચારોને અમલમાં મૂકવા સારું નવસારી મુકામે ૧૨મી જૂન ૧૯૧૬ના રોજ એક સભાનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં કાર્યકરોએ રાજ્યના પ્રશ્નોને વાચા આપવાના હેતુથી રાજ્યકક્ષાએ મજબૂત સંગઠન ઊભું કરવાનો નિર્ણય કર્યો. તેને મૂર્ત સ્વરૂપ આપવા તા- ૩૧મી ડિસેમ્બર ૧૯૧૬ના રોજ ફરીથી નવસારી ખાતે એક સંમેલન મળ્યું. આ સંમેલનમાં 'વડોદરા રાજ્ય પ્રજામંડળ' ની સ્થાપનાનો ઐતિહાસિક ઠરાવ કરવામાં આવ્યો. વડોદરા રાજ્યમાં આઝાદીની લડત વિશે પ્રજામંડળ સંસ્થા દ્વારા જે પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી તેમાં મહેસાણા પ્રાંતની પ્રજામાં ઉદભવેલી જાગૃતિનો ફાળો તેમજ મહેસાણા પ્રાંતમાં ભરાયેલા અધિવેશનનો ફાળો નોંધપાત્ર રહ્યો હતો.

આધુનિક રાજકારણના સંદર્ભમાં જિલ્લાની જાગૃતિમાં ઇ.સ. ૧૯૧૬માં સ્થપાયેલા વડોદરા રાજ્ય પ્રજામંડળની સ્થાપના ખાસ કરીને ત્રણ હેતુથી કરવામાં આવી હતી.

૧. જુદા-જુદા વર્ગના લોકોને નજીક લાવીને એમની વચ્ચે એકતા સાધવી.

૨. પ્રજાની તકલીફો અને સમસ્યાઓ સરકારના ધ્યાન પર લાવવી અને એના ઉકેલ માટે પ્રયત્નો કરવા.

૩. શ્રીમંત સરકારની સત્તા અબાધિત રાખીને એમના સહકારથી જવાબદાર પ્રજાતંત્રની સ્થાપના કરવી.[૧]

૨. મહેસાણા જીલ્લામાં પ્રજામંડળની પ્રવૃત્તિઓ અને અધિવેશનો :-

**૨.૧.** વડોદરા રાજ્ય પ્રજામંડળનું ચોથું અધિવેશન **:-**

વડોદરા રાજ્ય પ્રજામંડળનું ચોથું અધિવેશન મહેસાણા જિલ્લાના પાટણ મુકામે તા- ૨૩,૨૪ અને ૨૫ મી માર્ચ ૧૯૨૪ના રોજ પ્રમુખશ્રી મટુભાઈ હ. કોટવાળા તેમજ સ્વાગત પ્રમુખશ્રી પોપટલાલ હેમચંદના અધ્યક્ષપણા નીચે યોજાયું હતું. વડોદરા મુકામે મળેલા ત્રીજા અધિવેશનમાં દરેક તાલુકામાં પ્રજામંડળો સ્થાપવા અને પચ્ચીસ હજાર સભાસદો બનાવવા તેમજ પ્રજામંડળના કામ-કાજ અર્થે કાયમી ફંડ ભેગું કરવા ઠરાયેલું. આ

જવાબદારી શ્રી સાનેએ ઉપાડી લીધી અને તેના પ્રચાર-પ્રસાર માટે રાજ્યમાં પરિભ્રમણ શરૂ કર્યું. જેના પરિણામ સ્વરૂપ નવસારી અને મહેસાણા પ્રાંતમાં તાલુકા મંડળો સ્થપાયા. ૧૯૨૨માં નવસારી પ્રાંતમાં કાળીપરજ (રાનીપરજ) નો પ્રશ્ન થયો હતો. જંગલમાં રહેતી આ પ્રજાના વિકાસ માટે 'સંકટનિવારણ સમિતિ' ની શ્રી સારંગપાણિના પ્રમુખ પદે સ્થાપના થઈ. આ લોકોને દારૂની બદીમાંથી છોડાવવા 'મદ્યનિષેધ મંડળ' સ્થપાયું. તેમજ ૧૯૨૩ના ઓગસ્ટમાં 'નવગુજરાત' અઠવાડીક અખબારનો જન્મ થયો.

આ અધિવેશનમાં થયેલા મહત્વના ઠરાવો નીચે મુજબ હતા.[૨]

૧. પ્રજાએ રચનાત્મક કાર્યો કરવા.

૨. અસ્પૃશ્યતાનું કલંક ધોવું.

૩. વડોદરામાં સ્વતંત્ર વિદ્યાપીઠની સ્થાપના કરવી.

૪. બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકવો.

**૨.૨. વડોદરા રાજ્ય પ્રજામંડળનું નવમુ અધિવેશન :-**

૧૯૩૦-૩૧ દાંડીકૂચ વિજયની સફળતા પછી મહેસાણા જિલ્લાના કડી મુકામે તા-૭,૮ અને ૯મી માર્ચ ૧૯૩૧ના રોજ વડોદરા રાજ્ય પ્રજામંડળનું નવમું અધિવેશન પ્રમુખશ્રી છોટાલાલ ઝવેરભાઈ સુતરીયા તેમજ સ્વાગત પ્રમુખશ્રી મહમદ ઉમર ભોંયરાવાળાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યું હતું.[૩]

મીઠા સત્યાગ્રહના વિજયની અસરતળે મહેસાણા જિલ્લાની પ્રજા પણ બાકાત રહી શકી નહોતી. સ્વદેશી ચીજ વસ્તુઓનો પ્રચાર-પ્રસાર કરવો, સભા-સરઘસોનું આયોજન કરવું, પત્રિકા પ્રવૃત્તિઓને વેગ આપવો વગેરે જેવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકેલો હોવાથી પ્રજામંડળના સભ્યોએ આ હુકમનો ભંગ કરવાનું આયોજન કર્યું. પોલીસે યુવકો ઉપર લાઠીચાર્જ કર્યો અને તેમને કેદ કરવામાં આવ્યા. સ્વાગત પ્રમુખશ્રી મહમદ ઉમર ભોંયરાવાળાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે "પૂજ્ય ગાંધીજીએ અહિંસક ભોગ આપી રાષ્ટ્રીય ભાવના અને જાગૃતિ પેદા કરી છે. પ્રજામંડળ મહાસત્તાનું અવયવ છે. તેણે જે સક્રિય ફાળો આપ્યો તે વધુ છે. ધારાસભાનું બંધારણ કંઈ જવાબદાર રાજ્યતંત્ર નથી. ધારાસભામાં બજેટ રજૂ થતું નથી, ચર્ચા થતી નથી. આ અંગે ધારાસભાના બંધારણ અને સત્તામાં ફેરફાર કરવાની જરૂર છે."[૪] પ્રમુખશ્રી છોટાલાલ સુતરીયા એ પોતાના ભાષણમાં જણાવ્યું કે "ધારાસભાનું બંધારણ એવા પ્રકારનું છે કે તેમાં સ્વમાનપ્રેમી પુરુષ જવા ઈચ્છે જ નહીં. પૂર્ણ સત્તાવાળી પ્રજાકીય ધારાસભા પ્રજાને ભેટ ધરવાનો સમય હવે પાકી ગયો છે. ત્રાસી ગયેલી પ્રજા હવે જાગૃત થઈ છે. પરિણામે નોકરશાહીનો અસંતોષ વધશે."

આ અધિવેશનમાં નીચે મુજબ ના ઠરાવો પસાર કરવામાં આવ્યા.

૧ પંડિત મોતીલાલ નેહરુના અવસાન અંગેનો શોક ઠરાવ.

૨ અખિલ હિંદના નવા ઘડાતા રાજ્યબંધારણમાં દેશી રાજ્યોની પ્રજાનું શું સ્થાન હોવું જોઇએ તે સંબંધે અખિલ હિંદ રાજસ્થાન પ્રજાપરિષદ તરફથી રાષ્ટ્રીય મહાસભા સમક્ષ જે માંગણીઓ થઇ તેનો મંડળે ટેકો જાહેર કર્યો. તે અંગે.

૩ હિંદી રાષ્ટ્રીય મહાસભાને બ્રિટિશ હિંદની નહીં ગણતા ભારતની તમામ પ્રજાની હોવાનું ઠરાવવા અંગે.[૫]

મહેસાણાના કડીમાં ભરાયેલા વડોદરા રાજ્ય પ્રજામંડળના નવમા અધિવેશને

પણ મહેસાણા પ્રાંત અને તેની પ્રજામાં જાગૃતિ લાવવા મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

૨.૩. વડોદરા રાજ્ય પ્રજામંડળનું ચૌદમું અધિવેશન :-

વડોદરા રાજ્ય પ્રજામંડળનું ચૌદમુ અધિવેશન તા- ૨૯,૩૦ અને ૩૧મી માર્ચ ૧૯૩૭ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગર મુકામે પ્રમુખશ્રી પ્રાણલાલ મુનશી અને સ્વાગત પ્રમુખશ્રી જયશંકર ભૂદરદાસ ભોજકના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યું હતું. આ અધિવેશનમાં ઓખા બંદરના વિકાસને બહાને સંરક્ષણ જકાતનો વિરોધ કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ત્યારબાદ હિમથી થયેલા પાકની નુકસાનીમાં રાહત આપવા બાબત તેમજ આયાત વેરામાં યોગ્ય ફેરફાર કરવા બાબતે ઠરાવ પસાર કરવામાં આવ્યા હતાં.

૨.૪. સોળમું અધિવેશન :-

ભાદરણ અધિવેશન બાદ દોઢ વર્ષ પછી મહેસાણા ખાતે તા- ૨૭,૨૮ એપ્રિલ ૧૯૪૦ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખસ્થાને પ્રજામંડળનું સોળમું અધિવેશન ભરવામાં આવ્યું હતું. ભાદરણ અધિવેશન વખતે સરદારે બતાવેલ રચનાત્મક કાર્યપદ્ધતિને વધુ જોરદાર બનાવવામાં આવી હતી. સરદારે પોતાના નેતૃત્વ હેઠળ પ્રજામંડળને વધુ સંગઠિત અને વધુ બળવાન થાય તે માટે કટિબદ્ધ થવાનો આદેશ આપ્યો હતો. મહેસાણા અધિવેશનમાં ૧૨૦૦ જેટલા ડેલિગેટો તથા આશરે ૭૦૦૦ જેટલી વિશાળ માનવમેદની હાજર રહી હતી. સરદારે પ્રજામંડળમાં પુનઃપ્રવેશ ઈ.સ.૧૯૩૮માં કર્યો. ત્યારથી પ્રજામંડળના અધિવેશનોમાં નવી જીવાદોરીનો સંચાર થયો. કારણ કે તેમની વેધકવાણી પ્રજા તેમજ કાર્યકરોને આકર્ષવામાં સફળ રહી હતી.

**અધિવેશનની પૂર્વ તૈયારી :-**

વડોદરા રાજ્ય પ્રજામંડળના ૧૬મા અધિવેશન માટે ૨૭,૨૮ એપ્રિલ નક્કી કરવામાં આવી હતી.[૬] વડોદરા રાજ્યના દરેક પ્રાંતમાંથી મહેસાણા અધિવેશનના પ્રમુખ તરીકે સરદાર પટેલનું નામ સૂચવવામાં આવ્યું હતું. આથી સર્વાનુમતે સરદાર પટેલની અધિવેશનના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. કારોબારી મંડળે અધિવેશન માટે કેટલાંક કાર્યક્રમ આ પ્રમાણે નક્કી કર્યા હતા.

૧. મહેસાણાના દરેક સ્ત્રી-પુરુષોએ સભામાં મોટી સંખ્યામાં હાજરી આપવી.

૨. અધિવેશનના પ્રમુખનું ભવ્ય સ્વાગત કરવું.

૩. મહેસાણાના બજારો તેમજ જાહેર રસ્તાઓ દીપમાળાથી શણગારવાં.

૪. પ્રમુખના સરઘસમાં તમામ લોકોએ બિનચૂક હાજરી આપવી.

મહેસાણા અધિવેશનની સ્વાગત સમિતિએ પ્રજામંડળ પત્રિકા મારફતે સરદારને પ્રમુખ તરીકે હાજર રહેવા માટે અભિનંદન પાઠવ્યા હતા. અને પ્રજામંડળ તેમના નેતૃત્વ હેઠળ વધુ સંગઠિત અને વધુ બળવાન બને તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. આના પ્રત્યુત્તર સ્વરૂપે સરદારે જણાવ્યું હતું કે "વડોદરા રાજ્યની પ્રજાએ ફરી મારા ઉપર વિશ્વાસ મૂકી, સર્વાનુમતે મહેસાણા અધિવેશનનો પ્રમુખ ચૂંટી કાઢ્યો તેના માટે વડોદરા રાજ્યની પ્રજાનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે એ બોજો ઉપાડવાની ઈશ્વર મને શક્તિ આપે. મારા માથે બીજા અનેક બોજ હોવાથી પ્રજામંડળને હું મારું મન માને એટલી વખત સમય આપી શકતો

નથી છતાં મારાથી જે કાંઈ સેવા થઈ શકશે તે કરી છૂટીશ."

તા- ૨૮મી એપ્રિલ ૧૯૪૦ના રોજ સવારે ૮ થી ૧૨ના સમયે જાહેર સભા રાખવામાં આવી હતી. આ સભામાં પ્રમુખ સ્થાનેથી કરેલા પ્રવચનમાં સરદારે જણાવ્યું હતું કે "તા- ૧/૨/૧૯૪૦ના રોજ 'વડોદરા રાજ્યશાસન નિબંધ' શીર્ષક હેઠળ સરકારે સુધારા સ્વીકાર્યા હતા. સુધારાના અમલ સમયે જુના મહારાજા હયાત હોત તો હું તમને લડવા સૂચના આપત પણ નવા વરાયેલા મહારાજાની શરૂઆતની કારકિર્દીમાં આપણે આપણી નીતિમાં ફેરફાર કરી આપણા કર્તવ્યથી તેમને પૂરી ખાતરી આપી આપણે આપણો પ્રજાધર્મ બજાવવો રહ્યો."[૭]

મહેસાણા અધિવેશનના ઠરાવો :-

૧. શ્રીમંત કૈલાસવાસી મહારાજ સયાજીરાવ ગાયકવાડના ૧૯૩૯માં થયેલા અકાળ અવસાનની મંડળ સખેદ નોંધ લઇ તેમના આત્માની શાંતિ માટે અંજલિ અર્પણ કરે છે. અને રાજકુટુંબને દિલાસો આપે છે.

૨. શ્રીમંત મહારાજા કુમાર ધૈર્યશીલ રાવ નાની વયે કલકત્તા મુકામે કૈલાસવાસી થયા તે પ્રસંગે તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.

૩. પ્રજામંડળના પ્રમુખ અબ્બાસ સાહેબનાં પત્નીના અવસાનની પ્રજામંડળે સખેદ નોંધ લીધી છે.

૪. શ્રીમંત મહારાજા શ્રી પ્રતાપસિંહરાવ ગાયકવાડ વડોદરા રાજ્યની ગાદી ઉપર આવ્યા તે પ્રસંગે આનંદ વ્યક્ત કરી પ્રજામંડળના જવાબદાર તંત્રની માંગણીને રાજ્ય ઝડપથી સ્વીકારે તેવો પ્રયાસ કરવા નવા વરાયેલા રાજાને વિનંતી કરીએ છીએ.

૫. ધારાસભા હક વિસ્તાર સમિતિએ તૈયાર કરેલી યોજના પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જે કાર્યવાહક સમિતિને નિરાશાજનક લાગી અને ત્યારપછી તે સુધારા અંતર્ગત ફરી વડોદરા રાજ્યશાસન નિબંધ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. તે પણ નિરાશાજનક અને બહિષ્કાર કરવા યોગ્ય છે. એમ ઠરાવ્યા છતાં ધારાસભા પ્રવેશ કરવાનું વડોદરા રાજ્ય પ્રજામંડળ કારોબારી મંડળે તા- ૧૯/૦૩/૧૯૪૦ના રોજ નક્કી કર્યું. આ બંને ઠરાવો વડોદરા રાજ્ય પ્રજામંડળ મંજૂર રાખે છે. તેમ છતાં તેની ધારાસભા પ્રવેશની નીતિની સ્પષ્ટતા કરતાં ઠરાવે છે કે શ્રીમંતે રાજ્ય બંધારણ બદલ જે સુધારા પ્રગટ કર્યા છે તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરતા તે સુધારાઓ પીછેહઠના, રાજ્યની સંસ્કૃતિને બંધબેસતા ન થાય એવા છે એમ માનવા મંડળને ફરજ પડી છે.

૬. વડોદરા શહેરમાં જ્યારે સરદાર તા- ૨૦/૦૧/૧૯૩૯ના રોજ પધાર્યા હતા. ત્યારે કેટલાક અસામાજિક તત્ત્વોએ હુલ્લડ કર્યું હતું. વડોદરા શહેરના લોકોએ અને કેટલીક સંસ્થાઓએ પોલીસની બેદરકારીની ફરિયાદ

કરેલી અને આ હુલ્લડ અંગે તપાસ કરવા માંગણી કરી હતી. શ્રીમંત સરકારે એનો સ્વીકાર કરી તપાસ સમિતિની નિમણૂંક પણ કરી હતી. પણ રાજ્યના અમલદારોની સૂચનાથી તેમાં કશું તથ્ય નથી એમ કહીને સમિતિને આટોપી લેવાઇ હતી. તે સમયે છાપામાં એટલું જ પ્રસિદ્ધ કરવામાં આવ્યું કે પોલીસ અમલદારો

અંગે યોગ્ય શિક્ષાત્મક પગલાં લેવાશે એવું આશ્વાસન માત્ર આપવામાં આવ્યું હતું. પણ કંઈજ પગલાં લેવાયાં નહીં. સરદારે આ અંગે જણાવ્યું હતું કે આવા પ્રસંગોએ શરૂ કરેલી તપાસ આવી અચાનક બંધ કરવાથી સરકાર પ્રત્યે

અવિશ્વાસની લાગણી પેદા થાય છે. અને નિદાન કરવામાં સરકાર પાછળ પડી છે એમ માની આ અધિવેશન તેની સખેદ નોંધ લે છે.[૮]

**અધિવેશનની ફલશ્રુતિ :-**

મહેસાણા અધિવેશન પૂર્વે રાજ્ય અને તેની હકુમત હેઠળના ગામડામાં રચનાત્મક કાર્યક્રમને વેગવાન બનાવવા પ્રયત્ન કરવામાં આવ્યો. તેમજ મંડળને વધુ મજબૂત બનાવવા પ્રયત્નો કરવામાં આવ્યા. મહેસાણા અધિવેશનની સફળતા ઈચ્છતા સંદેશાઓ પ્રજામંડળની કચેરીએ આવ્યા હતા. જેમાં મુંબઈથી શ્રી જવાહરલાલ નહેરુનો, નવસારીથી ડૉ. સુમંત મહેતાનો, સુરતથી ડૉ. ફકરૂદ્દીનનો વગેરે સંદેશાઓ મુખ્ય હતા. મહેસાણા અધિવેશન પૂર્ણ થયા બાદ પ્રજામંડળ તરફથી નીચે મુજબના રચનાત્મક કાર્યક્રમો પ્રજા સમક્ષ મૂકવામાં આવ્યા હતા

૧. હિંદુ-મુસ્લિમ ઐકયતા સાધવી.

૨. અસ્પૃશ્યતા નિવારણ કરવું.

૩. નશાબંધી માટે પ્રયત્ન કરવો.

૪. ગ્રામસફાઈ કરવી.

૫. પાયાની બુનિયાદી કેળવણી દાખલ કરવી.

૬. ખાદી અપનાવવી.

૭. પ્રૌઢ શિક્ષણ શરૂ કરવું.

૮. સ્ત્રી ઉન્નતીના પ્રયાસો કરવા.

૯. આરોગ્યનું શિક્ષણ શાળામાં દાખલ કરવું.

૧૦. રાષ્ટ્રભાષાનો પ્રચાર કરવો.

૧૧. ગ્રામોદ્યોગને વિકસાવો.[૯]

આ સમય દરમિયાન બ્રિટિશ સરકાર દ્વારા હિન્દી સંરક્ષણ ધારાની કલમ નં.૧૨૯ના આધારે રાષ્ટ્રીય મહાસભા તેમજ પ્રજામંડળની લડતોને દબાવી દેવાના પ્રયત્નો કરવામાં આવ્યા. એ કારણે જુન-૧૯૪૦માં રાષ્ટ્રીય કક્ષાના અનેક નેતાઓની સાથે સરદાર પટેલની પણ ધરપકડ કરવામાં આવી. તેઓ મંડળના પ્રમુખ હોવાથી તેમના પ્રત્યે લોકોમાં અતૂટ શ્રદ્ધા હોવાથી તેમની ધરપકડના વિરોધમાં મહેસાણા પ્રાંતમાં સંપૂર્ણ શિસ્તબદ્ધ હડતાલ પાડવામાં આવી. આ ઉપરાંત હારીજ, વરાણા, કલોલ, મહેસાણા વગેરે સ્થળોએ પ્રજાએ સભા, સરઘસ કાઠી ઠરાવો કરી સરકાર સમક્ષ તેની ધરપકડ કરવા સારું વિરોધ નોંધાવ્યો હતો. આમ ધ્યેયપ્રાપ્તિની મંજિલ તરફ આગળ વધવામાં મહેસાણા અધિવેશન સફળ રહ્યું હતું તેમ કહી શકાય. જેનો ખરો યશ સરદારના પ્રભાવશાળી નેતૃત્વને ફાળે જાય છે. ઇ.સ. ૧૯૩૯માં શ્રી સરદાર પટેલે પ્રજા મંડળના કાર્યો અંગે મહેસાણા શહેરની મુલાકાત લીધી હતી ત્યારે એક વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાના બંદોબસ્ત અંગેનો રિપોર્ટ મહેસાણા જિલ્લાના પોલીસ નાયબ સૂબાએ વડોદરા રાજ્યના પોલીસ કમિશનરશ્રીને મોકલી આપ્યો હતો. કમિશનરશ્રીએ આ રિપોર્ટની નકલ તેમજ મહેસાણાની સભાના બંદોબસ્ત અંગેની માહિતી વડોદરા રાજ્યના દીવાન સાહેબને તા-૧૮/૦૪/૧૯૩૯ ના પત્રથી મોકલી આપી[૧૦] તે અંગેનો પોલીસ રિપોર્ટ દસ્તાવેજ સ્વરૂપે ઉપલબ્ધ છે. મહેસાણા અધિવેશન પૂરું થયા પછી સંરક્ષણ ધારા હેઠળ સરદારની ધરપકડ થઈ. સરદાર જેલમાં હોવાથી રાજ્યના અમલદારો ફરી પાછા શિથિલ થઈ ગયા હતા. બીજા વિશ્વવિગ્રહની શરૂઆત થઇ હોવાથી પણ મંડળની કામગીરી ધીમી પડી હોવાનું સભ્યોને લાગ્યું. આથી પ્રજામંડળના કાર્યવાહક મંડળે કાર્યકરોને હિન્દ છોડોની લડતમાં સક્રિય બનવા

જણાવ્યું હતું. ગાંધીજીએ ૮મી ઓગસ્ટ ૧૯૪૨ના રોજ અંગ્રેજોને 'હિન્દ છોડો' ની મજબૂત લડત આપી. આ આંદોલનમાં પણ મહેસાણા પ્રાંતની પ્રજાએ અને પ્રજામંડળના કાર્યકરોએ સંપૂર્ણપણે ઝંપલાવી દીધું હતું. હિંદ છોડો આંદોલન શરૂ થતાં જ વડોદરા રાજ્યની સરકારે પ્રજામંડળના પ્રમુખ અને અગ્રણી કાર્યકરો સહિત કુલ એકહજાર જેટલા માણસોની ધરપકડ કરી હતી. જેમાં અગિયાર જેટલા લોકો શહીદ થયા હતા. આ રીતે મહેસાણા અધિવેશન પછી પણ સરદારે પોતાની ગેરહાજરીમાં પણ મંડળને ઉમદા સલાહસૂચનો આપ્યા હતા. જેનાથી મંડળનાં જોમ અને જુસ્સો વધી ગયા હતા. જેનાથી હવે પ્રજામંડળ પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા આગળ વધતું હતું.

૧૯મી જાન્યુઆરી ૧૯૪૭ના રોજ પ્રજાજોગ સંદેશામાં શ્રીમંત મહારાજે જવાબદાર રાજ્યતંત્ર આપવાના પ્રજામંડળના અંતિમ ધ્યેયનો સ્વીકાર કર્યાની જાહેરાત કરી. ઉપરાંત મહારાજાએ ધારાસભામાં અને ભાવિ ભારતસંઘમાં જોડાવાની આતુરતા પણ વ્યક્ત કરી. આ માટે કલોલ ખાતે ૨૩મી ડિસેમ્બર ૧૯૪૭ના રોજ કાર્યવાહક સમિતિની બેઠક પણ બોલાવવામાં આવી હતી. જેમાં છેલ્લા બાકરોલ ખાતે ભરાયેલા ૨૦મા અધિવેશનના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. આમ, સફળ લડતને પાર પાડીને પ્રજામંડળે પોતાનું ધ્યેય સિદ્ધ કરી લીધા બાદ ૧૦મી ઓક્ટોબર ૧૯૪૮ના રોજ વિસનગર મુકામે ભરાયેલા ખાસ અધિવેશનમાં વડોદરા રાજ્ય પ્રજામંડળનું વિસર્જન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.[૧૧] અને તેના બદલે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની શાખા તરીકે કામ કરવાનું નક્કી થયું.

-:પાદટીપ :-


૧. Dr.RAJYAGOR, S.B, GUJARAT STATE GAZETTEERS, MEHSANA DISTRICT, GOVERNMENT OF GUJARAT, AHMEDABAD, 1975, P-134.

૨. દેસાઇ પંકજ ઠાકોરભાઈ, વડોદરા રાજ્ય પ્રજામંડળ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૮, પૃ-૨૮

૩. મહાસુખભાઇ ચુનીલાલ, વિસનગર અને વડોદરા રાજ્યની હકીકત, ડાયમંડ જ્યુબીલી પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદ, ૧૯૪૨, પૃ-૭૯.

૪. દેસાઇ પંકજ ઠાકોરભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ-૩૧

૫. એજન, પૃ-૩૧

૬. વડોદરા રાજ્ય પ્રજામંડળ રજત મહોત્સવ સ્મારક ગ્રંથ, વડોદરા રાજ્ય પ્રજામંડળ, ૧૯૪૨, પૃ-૨૮

૭. દેસાઇ પંકજ ઠાકોરભાઈ, વડોદરા રાજ્ય પ્રજામંડળ અને સરદાર, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ,૧૯૯૯,પૃ-૨૩

૮. એજન, પૃ-૨૫

૯. એજન, પૃ-૨૬

૧૦. રાજદફતર સરદાર પટેલ વિશેષાંક, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગર, ૨૦૦૧, પૃ-૮૬

૧૧. www.gujarativishwakosh.org, Date: 31/07/2021